(પ્રથમ આવૃત્તિ વખતે....)

## પ્રારંભિક વાત...

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

### ★ શાને ઈમામ અહમદ રઝા ★

તોળી હૈ તેરી ઝર્બ્કારીને ચટ્ટાનેં
પિઘલે હૈં તેરી આહે સહરગાહીસે પત્થર
તૂ મેરી નિગાહોંમેં મુજદ્દિદસે નહીં કમ,
ઝિંદા હુએ ફિર તુઝસે ફરામીને પયંબર

પોતાના સમયના મહાન મુહદ્દિષ હઝરત મુહદ્દિષ સૂરતી رحمۃ اللہ علیہ ને કોઈએ સવાલ કર્યો કે તમે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના મુરીદ નથી, તેમ છતાંયે પોતાના પીર કરતાં પણ તેમની (આ'લા હઝરતની) જ તા'ઝીમ સાથે ચર્ચા કર્યા કરો છો ?! મુહદ્દિષે સૂરતી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, "એ હકીકત છે કે મને મારા પીર પાસેથી ઘણુ મળ્યું છે, પણ ઈમાન મને ઈમામ અહમદ રઝા પાસેથી મળ્યું છે."

મખ્દૂમુલ મિલ્લત હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ કિછૌછવી رحمۃ اللہ علیہ એ એક મૌકા પર ફર્માવ્યું, "અમોને અને અમારી સાથે અરબ તથા અજમના તમામ આલિમોને એ વાત સ્વીકાર્ય છે કે





હઝરત શૈખ મુહક્કિક અબ્દુલહક્ક દહેલ્વી, બેહરૂલ ઉલૂમ ફિરંગી મહેલી અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝાની ઝબાન અને કલમની વિશિષ્ટતા હતી કે અલ્લાહ તઆલાએ તેને પોતાની હિફાઝતમાં લઈ લીધેલા, ત્યાં સુધી કે ઝબાન અને કલમ એક નુક્તા (બિન્દુ સુદ્ધાં) જેટલી ભૂલ કરે તેવી શક્યતા ન હતી. આ બાબતની ખાત્રી કરવી હોય તો "ફતાવા રઝવિય્યા"નું ઊંડાણપૂર્વકનું વાંચન કરો."

અય મુફસ્સિર ! અય મુહદ્દિષ ! અય ફકીહે નામદાર!
હમસરે ઔજે સુરૈયા હૈ તેરા ઈલ્મી મકામ

ઉપરોક્ત બંને બુઝુર્ગો પોતાના સમયના સાચા અર્થમાં મુહદ્દિષે આ'ઝમ હતા. તેઓએ પોતાના સંક્ષિપ્ત ફર્માનોમાં ગાગરમાં સાગર સમાવી દીધો છે. ૧૪મી સદી હિજરીમાં જે ફિત્નાઓએ જન્મ લીધો, તેની સામે અગર પહાડની માફક અડીખમ કોઈ રહ્યું હોય તો તે ઈમામ અહમદ રઝા હતા. આપના દૌરમાં વહાબિયત, દેવબંદિયત, સુલેહ કુલ્લિયત તેમજ આર્યસમાજીઓના ફિત્ના મુખ્ય હતા. તેમાં સૌથી વધુ ખતરનાક ફિત્નો વહાબિયતનો હતો, જેના માનવાવાળા કલ્મા, નમાઝની આડમાં ભોળાભાળા મુસલમાનોને અલ્લાહના પ્યારા હબીબ ﷺ ના ગુસ્તાખ બનાવીને તેમના ઈમામોને તબાહ કરી રહ્યા હતા. તેવા સમયે ઈમામ અહમદ રઝાએ કુર્આન–હદીષની રોશનીમાં આવા બાતિલ પરસ્તોનો એવો જોરદાર રદ કર્યો કે ત્યારથી લઈને આજ સુધી કોઈપણ વહાબી, દેવબંદી તેનો જવાબ આપવાથી લાચાર છે. ઈમામ અહમદ રઝાની સાચી તબ્લીગની રોશનીમાં ફિત્નાના આવા ભયંકર દૌરમાં મુસલમાનો, બાતિલ

પરસ્તોને ઓળખી શક્યા અને પોતાના ઈમાનોને બચાવી શક્યા. આ'લા હઝરતની ઈલ્મી કાબેલિયતને પહેચાનીને તે દૌરના અરબ તથા અજમના ઉલમાએ કિરામે આપને પોતાના પેશ્વા અને ઈમામ માની લીધા અને સર્વ સંમતિએ આપને ચૌદમી સદીના મુજદ્દિદ તસ્લીમ કરી લીધા. ઈમામે અહલે સુન્નતે પોતાના શાગિર્દોની એવી મજબૂત ફૌજ તૈયાર કરી કે જેમણે સમગ્ર ભારતીય ઉપખંડના ગામડાંઓ તેમજ શહેરોના લાંબા પ્રવાસો ખેડીને દેવબંદી, વહાબીઓના દાંત ખાટા કરી દીધા. એટલું જ નહીં પણ મુસલમાનોમાં ફેલાએલ કુરિવાજોનો પણ ખાતમો બોલાવી દીધો.

આપના શાગિર્દોની હાજરજવાબી તેમજ ઈલ્મી કાબેલિયત જોઈને દીનના દુશ્મનો મોઢામાં આંગળાં નાંખી દેતા હતા. અહીં નમૂનારૂપે આપના શાગિર્દોની હાજરજવાબીના બે દિલચસ્પ પ્રસંગ રજૂ કરું છું :–

બરેલી શરીફમાં આર્યસમાજીઓના એક પંડિતે પોતાનો ફિત્નો ફેલાવ્યો હતો અને ઉલમાએ કિરામને વારંવાર મુનાઝરા માટે ચેલેંજ કરતો હતો. ઈમામ અહમદ રઝાએ પોતાના ચહીતા શાગિર્દ સદરુલ્ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદીને એના મુકાબલા માટે મોકલ્યા. મુનાઝરાની શરૂઆત કરતાં આર્યસમાજી પંડિતે કહ્યું કે, ''મુસલમાનોનો દાવો છે કે, આસમાની કિતાબો ચાર છે, જો આ અકીદાને માનવામાં આવે તો માનવું પડશે કે કંઈક તો એમનો ખુદા જાહિલ છે અથવા ભૂલી જાય છે ! કારણ કે જો એમ ન હોત તો એક જ વખત સંપૂર્ણ કિતાબ નાઝિલ ફર્માવી દેત, એવું લાગે છે કે તૌરેતને નાઝિલ





કરતી વખતે કેટલીક વાતો ભૂલી ગયો અને યાદ આવ્યું ત્યારે તેની પરિપૂર્ણતા માટે ઝબૂરને નાઝિલ કરી, પછી ઝબૂરમાં કંઈક ખામીઓ રહી ગઈ, જેની સુધારણા માટે ઈન્જીલને ઉતારી, પછી ઈન્જીલમાં થોડી કમી રહી ગઈ જેને પૂર્ણ કરવા માટે કુર્આન નાઝિલ કરવું પડયું. (મઆઝલ્લાહ !) આર્ય પંડિતે પોતાનો વાંધો ખૂબ જ ઉછળી–કૂદીને બયાન કર્યો.

હુઝૂર સદરુલ અફાઝિલે આલિમાના અંદાજમાં જવાબ આપતાં ફર્માવ્યું, ''મિષાલના તૌર પર એમ સમજો કે એક દર્દી ડોકટર પાસે પહોંચ્યો, ડોકટરે તેને તપાસી એક નુસ્ખો આપ્યો અને ત્રણ દિવસ આ દવા લઈ પછી ફરીથી આવવા કહ્યું. ત્રણ દિવસો પછી ફરીથી જ્યારે દર્દી આવ્યો તો ડોકટરે કેટલીક દવાઓ બદલીને આપી અને પાંચ દિવસ પછી ફરીથી બતાડી જવા કહ્યું. દર્દી પાંચ દિવસ પછી ફરીથી આવે છે, એ જ દર્દી અને એ જ ડોકટર છે પરંતુ નિરીક્ષણ કર્યા બાદ બધી જ દવાઓ બદલી નાંખે છે અને કહે છે કે હવે તમારે ફરીથી આવવાની જરૂર નથી, તમારો ઈલાજ પૂરો થયો, હવે તમારે આજ દવાઓ લેવાની છે, એ જ તમારા માટે પૂરતી છે.'' હુઝૂર સદરુલ અફાઝિલે પોતાના ખાસ અંદાઝમાં આ મિષાલ આપીને હાજર રહેલા જનસમુદાયને સવાલ કર્યો કે, હવે તમે લોકો કહો, શું ડોકટરે પહેલી વખત દવા આપી ત્યારે તે ડોકટર ન હતો ? કે રોગને ઓળખી શક્યો ન હતો ? કે પછી દર્દીને એ જ દવાની જરૂરત હતી ? પછી એણે બીજી વાર ત્રીજી વાર દવાઓ બદલી તો શું તેણે પોતાની ખામીઓને દૂર કરી કે દર્દીની હાલતનો તકાઝો પૂરો કર્યો ? પૂરો જનસમૂદાય એકી અવાજે બોલી ઉઠયો કે દવાઓ બદલવી

ડોકટરની ઐબ ન હતી, બલ્કે હાલતના તકાઝા પ્રમાણે જરૂરી દવાઓ આપવી એ ડોટકરનો કમાલ છે. ત્યારબાદ ખુલાસો કરતાં આપે ફર્માવ્યું, ''બસ એમ જ સમજો કે હકીમે મુત્લકે ઈન્સાનિયતની બીમારી પ્રમાણે ક્યારેક તૌરાતનો નુસ્ખો અતા કર્યો તો ક્યારેક ઝબૂર અને ઈન્જીલનો, અને અંતમાં કુર્આને મુકદસની શકલમાં એવો સંપૂર્ણ નુસ્ખો અતા ફર્માવી દીધો, જેના પછી કોઈ ફેરફારની જરૂર નથી રહી ગઈ અને ઈર્શાદ ફર્માવી દીધું, ''લા તબ્દીલ લિ કલિમતુલ્લાહ.'' આ જવાબ સાંભળી પૂરા મજમાએ દાદો–તેહસીનનો શોર મચાવી દીધો અને આર્યસમાજી પંડિત શરમનો માર્યો મોઢું છુપાવીને ભાગી ગયો.

એકવાર ઈમામ અહમદ રઝાના શાગિર્દ હઝરત મૌલાના હશમતઅલીની અજમેર શરીફથી વાપસી દરમિયાન ટ્રેઈનમાં એક દેવબંદી સાથે દિલચસ્પ વાતચીત થઈ.

**દેવબંદી** : ક્યાંથી આવો છો ? અને ક્યાં જઈ રહ્યા છો ?

**હઝરત** : અજમેર શરીફ ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના આસ્તાના પર ફાતેહાખ્વાની કરીને વતન પીલીભીતી જઈ રહ્યો છું.

**દેવબંદી** : ત્યારે તો તમે જન્નતી દરવાજેથી પણ પસાર થયા હશો ?!

**હઝરત** : ચોક્કસ પસાર થયો છું ! આ સાંભળીને દેવબંદી આપનું શરીર સુંઘવા માંડયો.

**હઝરત** : આશ્ચર્યચકિત થઈને, શું સુંઘી રહ્યા છો ?!

**દેવબંદી** : મેં સાંભળ્યું છે કે જે જન્નતી દરવાજેથી પસાર થાય





છે તે જન્નતી થઈ જાય છે અને હદીષમાં છે કે જન્નતની ખુશ્બુ પાંચસો વરસના રસ્તા સુધી જાય છે, તો આપના શરીરમાંથી જન્નતની ખુશ્બુ જરૂર આવવી જોઈએ.

**હઝરત** : તમે એ હદીષ નથી પઢી કે, જન્નતની દરેક વસ્તુ દોઝખીઓ પર હરામ છે ! હું ચોક્કસપણે જન્નતી દરવાજેથી પસાર થઈને જન્નતી થઈ ગયો, પરંતુ તેની ખુશ્બુ તમારા જેવા જહન્નમી પર હરામ કરી દેવામાં આવી છે ! આપનો આ જવાબ સાંભળી દેવબંદી દંગ રહી ગયો અને ચૂપ થઈ ગયો.

ઈમામ અહમદ રઝાએ દીનની એવી શાનદાર ખિદમત કરી કે સમગ્ર ભારતીય ઉપખંડના મુસલમાનો પોતાને સુન્ની (બરેલ્વી) મુસલમાન તરીકે ઓળખાવવામાં ફખ્ર મહેસૂસ કરે છે. તે દૌરના મક્કા શરીફના ચીફ જસ્ટીસ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ અલ્વી મક્કીએ ફર્માવ્યું, ''તેમની (આ'લા હઝરતની) મહોબ્બત સુન્નિયતની નિશાની છે અને તેમનાથી અદાવત બિદઅતની નિશાની છે.''

આવી આ'લા શાનવાળા આપણા મહાન ઈમામ, ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہ ની એક તસ્નીફ (કૃતિ) **''निदाએ या रसूलल्लाह ! ﷺ''**નું પ્રકાશન કરતાં **દારુલ ઉલૂમ મુસ્તફાઈય્યહ, હલદરવા** ફખ્ર મેહસૂસ કરે છે. ફાઝિલે નવજવાન હઝરત **મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી** સાહબે આ કિતાબનું સરળ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરીને આપણા મહાન ઈમામની

બારગાહમાં ખરા અર્થમાં ખિરાજે અકીદત પેશ કરી છે. એટલે જ તો અરબો–અજમના મહાન ઉલમાએ કિરામે સાચી હનફીયતની પહેચાન માટે ''મસ્લકે આ'લા હઝરત''નો નારો બુલંદ ફર્માવ્યો (કારણ કે દેવબંદી, વહાબીઓ પણ પોતાને હનફી કહે છે) જેથી સાચા સુન્ની હનફી અલગ તારવી શકાય. આજે સુન્નીઓ આ'લા હઝરતની ગુલામી પર નાઝ કરતાં ચારો તરફ મસ્લકે આ'લા હઝરતના નારાઓ બુલંદ કરી રહ્યા છે, એનું કારણ એ જ છે. શાયરે સાચુ જ કહ્યું છે :–

વલી છૂટા અલી છૂટા, યકીં કર લે ખુદા છૂટા,
જો તુઝસે **"મસ્લકે આ'લા હઝરત"** છૂટા તો સબ છૂટા

*(સગે દરે રઝા)*

**–મુહમ્મદ યૂસુફ પટેલ (હલદરવા)**

---


## ★ અનમોલ કિતાબો મંગાવો ★

**કિતાબ** : **હિકમતે નમાઝ** *(ઉર્દૂ ભાષા ગુજરાતી લિપિ)*

**કિતાબ** : **ઈમામ અહમદ રઝા ઔર એહતેમામે નમાઝ** *(ઉર્દૂ ભાષા ગુજરાતી લિપિ)*

**લેખક** : હઝરત હાફિઝો કારી મૌલાના શાકિર રઝવી નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**પ્રકાશક** : **સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા**

**સરનામુ** : C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુા. પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન : ૩૯૨ ૦૨૦, (ગુજરાત) ફોનઃ૦૨૬૪૨–૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**હદિયો** : રૂા. ૫/– [પોસ્ટ ખર્ચ રૂા. ૧]






# પ્રાસ્તાવિક વાત....

**અઝ : હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ ઈર્શાદ અહમદ રઝવી મિસ્બાહી** *(ઉસ્તાદે અશરફિયહ)*

મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી قدس سرہ (હિ.સ. ૧૨૭૨–૧૩૪૦) સવાદે આ'ઝમ અહલે સુન્નતના સાચા તર્જુમાન હતા. આપે આપની પૂરી જિંદગી તે જ કદરોની (અઝમતોની) રક્ષા પાછળ ખર્ચી નાખી જે તેમને પૂર્વજ ઈમામોથી વારસામાં મળી હતી. અકાઈદ હોય કે અહકામ, મા'મૂલાત હોય કે રસમો સર્વ ચીજોમાં આપ તે જ દષ્ટિબિંદુ અને વિચારધારા ધરાવતા હતા જે સહાબા તથા તાબઈન, દીનના ઈમામો તથા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)થી યુગ પ્રતિયુગ ચાલી આવેલ છે. ઈલ્મે ગયબ હોય કે મદદ ચાહવા (ફરિયાદ કરવા વિશે) કે વસીલો પકડવા વિશે હોય, મુસ્તફા ﷺ ની નૂરાનિયત હોય કે આપનું અવ્વલ મખ્લૂક હોવા વિશે હોય, સુન્નત કે બિદઅત હોય કે સલામો કિયામ વિશે હોય, દીનની મુસ્તહબ ચીજો વિશે હોય કે દુનિયાની જાઈઝ રસ્મો વિશે હોય.... દરેક બાબતે ખૂબ જ મજબૂતીપૂર્વક પૂર્વજ બુઝુર્ગોની રવિશ પર ચાલતા અને તેમના જ દામને કરમથી જોડાયેલ નજરે પડે છે. ''ઈલ્મે ગયબ'' વિશે પોતાના એક અનમોલ રિસાલા ''ખાલિસુલ્ એ'તેકાદ'માં ખૂદ લખે છે :–

''એવું કહેવું સરળ હતું કે ''અહમદ રઝા'' રસૂલુલ્લાહ ﷺ

ના ઈલ્મે ગયબને માનનાર બની ગયા અને એ અકીદો કુફ્રનો છે ! પણ એ ન જોયું કે "અહમદ રઝા"ની જાન કયા કયા પાક મુબારક દામનોથી જોડાયેલી છે. અહમદ રઝાના એ'તેકાદનો સિલસિલો ઉલમા, અવલિયા, ઈમામો, સહાબાથી મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ અને મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ થી અલ્લાહ રબ્બુલ્ આલમીન સુધી સતત જોડાયેલ છે, અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન." *(ખાલિસુલ્ એ'તેકાદ)*

કોઈ શખ્સિયતને જાણવા માટેનો આસાન તરીકો એ છે કે તેને જોવામાં આવે, સાંભળવામાં આવે, તેની મેહફિલોમાં શિર્કત કરવામાં આવે, તેમની નિકટતા અપનાવવામાં આવે, તેનાં લખાણો વાંચવામાં આવે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી قدس سرہ ના સંબંધે તો જોવા, સાંભળવા કે નિકટતા (સોહબતમાં બેસવા)ના સંજોગો તો અરસો થયો ખત્મ થઈ ચૂક્યા, પરંતુ તેમની સદાબહાર જીવતી જાગતી તેહરીરો (લખાણો) સલામત છે, જે આપણને તેમનાથી કરીબ કરે છે, તેમની મેહફિલોમાં લાવીને બેસાડી દે છે, તેમાં તેમની વાતચીતની પાકીઝા છબી ઝલક મારે છે, તેમની સઆદત અફરોઝ કુર્બાનીની પ્યારી ખુશ્બુઓ જાણે મહેકી ઉઠે છે. ઈન્સાફ પ્રિય, તંદુરસ્ત મિજાઝના દાનિશ્વરોને ચિંતનનું આંમત્રણ (દા'વતે ફિક્ર) છે કે અહમદ રઝા પર લગાડવામાં આવેલા ઈલ્ઝામો (આક્ષેપો)ની ચકાસણી (પરખ) કરવા માટે તેમનાં લખાણોને વાંચે.

મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી બરકાતી قدس سرہ નો આ મુબારક રિસાલો "અન્વારુલ્ ઈન્તિબાહ ફી હિલ્લે નિદાએ યા રસૂલલ્લાહ !" હુઝૂરે અકદસ સૈયદે આલમ





ﷺ ને પોકારવાને અને મુશ્કેલીઓમાં આપથી મદદો માંગવાનું જાઈઝ હોવાના વિષયથી સંબંધિત છે. આ મસ્અલાના જાઈઝ હોવાના બારામાં સહાબા, તાબઈન તથા પૂર્વજ ઈમામોની એકમતિ છે. એના સંબંધે હદીષોની દલીલો અને પૂર્વજ ઈમામોના કથનોની વિસ્તારપૂર્વકની વિગત આપ પોતે જ આ રિસાલા મુબારકમાં જોઈ લેશો, જેમાં હઝરત મુજદ્દિદ قدس سرہ એ કમાલની સંક્ષિપ્તતાથી (ટૂંકાણમાં) સમૃદ્ધપણે "ઈસ્લામી માન્યતા" રજૂ કરી છે.

આઠમી સદી હિજરીમાં પ્રથમવાર "ઈબ્ને તયૂમિયહ્"એ મદદ માંગવા વિશે અને તવસ્સુલ (વસીલો પકડવા) વિશેના જાઈઝ હોવાનો ઈન્કાર કર્યો, તો તે દૌરના ઉલમાએ અહલે સુન્નતે બોલતી બંધ કરી દેતો જવાબ આપ્યો. પછી ફરી બારમી સદીમાં "ઈબ્ને અબ્દુલ વહાબી નજદી"એ આ મસ્અલો ઉઠાવ્યો અને વર્તમાનકાળમાં પણ તેના ચેલાઓ જોરશોર સાથે હદીષોથી સાબિત થઈ ચૂકેલ આ મસ્અલાનો ઈન્કાર કરી રહ્યા છે અને એને જાઈઝ માનનારાઓને મુશ્રિક સુદ્ધાં દર્શાવે છે. (મઆઝલ્લાહ !)

એટલા માટે એની સખત જરૂર છે કે આ વિષયમાં ઉલમાએ અહલે સુન્નતની લખેલી કિતાબોને વધુને વધુ પ્રકાશિત કરવામાં આવે અને વિવિધ ભાષાઓમાં તેના તર્જુમાઓ રજૂ કરવામાં આવે.

મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત قدس سرہ નો આ રિસાલો એ વિષયમાં એક વિશિષ્ટ ખૂબીઓવાળો છે એટલા માટે વર્તમાન જરૂરતોને ધ્યાનમાં લેતાં મુહબ્બિ મુકર્રમ **જનાબ મૌલાના નિઝામુદ્દીન સાહબ મિસ્બાહી ગુજરાતી** (કુરચનવી)એ

ગુજરાતી ઝબાનમાં આ વિષયને પેશ કરવા માટે આ રિસાલા (પુસ્તિકા)ની પસંદગી કરે જેથી ગુજરાતની ભૂમીના આપણા ઈસ્લામી ભાઈઓ પણ પોતાની ભાષામાં હઝરત મુજદ્દિદના ઈલ્મી ફયૂઝો અને ઈસ્લામી માન્યતાની હક્કાનિયતથી ફયૂઝયાબ થઈ શકે અને અહલે સુન્નતના આ ઈજમાઅ્વાળા મસ્અલાના વિરૂધ્ધમાં કોઈ બદ્અકીદાની બદ્અકીદગીથી પ્રભાવિત ન થાય.

અનુવાદ કરવો એક મુશ્કેલ કાર્ય છે અને તે પણ એક ઝાતે ગિરામીના લખાણનો ! આ મુશ્કેલતરીન મહત્વના કામને માટે અનુવાદક દીની ખિદમત અને મહેનત બદલ પૂરી જમાઅત તરફથી દાદ મેળવવાને પાત્ર છે. તાલિબે ઈલ્મીની સરહદોથી નીકળતાં નીકળતાં આ તેમની પ્રથમ કોશિશ છે, એટલા માટે ભાવિમાં તેમના તરફથી કૌમો મિલ્લતની ઘણી મુખ્લિસાના ખિદમતોની ઉમ્મીદ રાખવામાં આવે છે. મૌલાએ કરીમ તેમને ઈખ્લાસ, ઈસ્તેકામત–ફિદીન, હુસ્ને નિયત, પાકીઝગીએ અમલ અને ઈલ્મો ફઝ્લની તરક્કીઓથી નવાઝે અને અધિકથી અધિક પોતાની નેક તૌફીક બખ્શે. આમીન બિજાહિન્નબીયુલ્ અમીન અલૈહિ અકરમુસ્સલાતુ અફઝલુત્તસ્લીમ. વસલ્લલ્લાહુ તઆલા અલા ખય્રિ ખલ્કિહી વ નૂરી અર્શિહી મુહમ્મદિંવ વ આલિહી વસહ્બિહી અજમઈન.

**–મુહમ્મદ ઈર્શાદ અહમદ રઝવી મિસ્બાહી ગુફિરલહૂ**

જામિઅહ્ અશરિફયહ્–મુબારકપુર

૪–શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૧૯

૨૪–નવેમ્બર, ઈ.સ. ૧૯૯૮





# પ્રકાશકના બે બોલ....

بسم الله الرحمن الرحيم

વહાબી દેવબંદીઓને રસૂલે પાક صلى الله عليه وسلم થી એવી દુશ્મની છે કે કોઈ અલ્લાહના રસૂલને પુકારે તો તકલીફ તેમને થાય છે ! અને "શિર્ક"ના ફત્વા લગાડે છે. તેમજ અવનવા તુક્કા કરીને યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم પોકારવાથી લોકોને રોકે છે. જેમ કે **હાડગુડ** (તા. જિ. આણંદ) મુકામે આ તબ્લીગી દેવબંદી આવ્યા હતા તો ત્યાં નારએ તકબીર.... અલ્લાહુ અકબર ! તો બરાબર પણ નારાએ રિસાલત.... યા રસૂલલ્લાહને બદલે નારએ રિસાલત.. લાઈલાહ ઈલ્લલ્લાહ ! કહો, એવું સમજાવી ગયા.

રસૂલે પાક صلى الله عليه وسلم ને તેઓ પોતાના જેવા લાચાર ગણે છે ! અને તેથી જ તેમને પોકારવાથી મના કરે છે. પણ અત્રે **૧૪૦૦ વરસથી આજ સુધીના બુઝુર્ગોએ "યા" વડે પોકારવાને વિશે શું કહ્યું ?** તે ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضي الله عنه ની ઈમાન મજબૂત કરતી કલમ વડે લખાયેલ લખાણ વાંચો અને જૂઠા વહાબીઓ પર ફિટકાર વરસાવો !

**લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا سَيِّدِیۡ يَا رَسُوۡلَ اللّٰهِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا سَيِّدِیۡ يَا حَبِيۡبَ اللّٰهِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا سَيِّدِیۡ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا سَيِّدِیۡ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

## ★ સવાલ ★

શું ફર્માવે છે ઉલમાએ કિરામ આ મસ્અલામાં કે ઝૈદ મુસલમાન જે ખુદાને ખુદા ﷻ અને રસૂલને રસૂલ ﷺ માને છે. નમાઝ પછી અન્ય સમયોમાં રસૂલે પાક ﷺ ને યા (પુકારવાનો શબ્દ)થી પુકારે છે અને **અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !** અથવા **અસ્અલુકશ્શફાઅત યા રસૂલલ્લાહ !** ''તમારાથી શફાઅતનો સવાલ કરું છું યા રસૂલલ્લાહ ! ﷺ '' કહે છે. આવું બોલવું જાઈઝ છે કે કેમ ? અને જે લોકો આ (બોલવાવાળાને) આ કથનના લઈને કાફિર તથા મુશ્રિક કહે છે, એવા લોકોના માટે શું હુકમ છે ? કિતાબથી બયાન કરો અને કિયામતમાં અજ્ર પામો.





## ★ અલ્‌જવાબ ★

ઉપર દર્શાવેલ શબ્દો નિઃશંક ! જાઈઝ છે, જેના જાઈઝ હોવામાં વાંધો નહીં લાવે, પણ બેવકૂફ, અભણ અથવા દાલમુદીલ (ગુમરાહ–ગુમરાહગર). જેણે પણ આ મસ્અલાના સંબંધી વધુ તફસીલ (સ્પષ્ટતા) જોવી હોય તે (૧) ''શિફાઉસ્સિકામ'' : ઈમામ અલ્લામા બકીયતુલ્ મુજતહિદીનિલ્ કિરામ, તકીયુલ્ મિલ્લતે વદ્દિન અબુલ્ હસન અલી સુબ્કી (૨) ''મવાહિબે લદુનિય્યહ્'' : ઈમામ અહમદ કસ્તલાની (૩) ''શારેહે સહીહ બુખારી વ શરહે મવાહિબ'' : અલ્લામા ઝુર્કાની તથા (૪) ''મતાલિઉલ્ મસર્રાત'' : અલ્લામા ફાસી તથા (૫) ''મિર્કાત શરહે મિશ્કાત'' : અલ્લામા અલી કારી તથા ''લમ્આત વ અશ્અતુલ્ લમ્આત'' શરહે મિશ્કાત'' તથા ''જઝબુલ કુલૂબ ઈલા દયારિલ મહબૂબ'' તથા ''મદારિજુન્નબુવત'' : શેખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વીની લખેલ કિતાબો, તથા ''અફઝલુલ્ કુરઅ શરહે ઉમ્મુલ કુઅર'' : ઈમામ ઈબ્ને હજર મક્કી વિગેરે ઉલ્માની કિતાબો, કથનોની પ્રતિ ધ્યાન કેન્દ્રિત કરે. અથવા ફકીર (આ'લા હઝરત)ની કિતાબ **અલ્ઈહ્લાલ્ બિ ફૈઝિલ્ અવલિયા બઅ્દલ્ વિસાલ**નો અભ્યાસ કરે.

અહીંયા ફકીર જરૂરત પૂરતાં અમુક કથનો રજૂ કરે છે. સહીહ હદીષ જેને હઝરત ઈમામ નિસાઈ તથા ઈમામ તિર્મિઝી તથા ઈબ્ને માજહ્ તથા હાકિમ તથા બયહકી તથા ઈમામુલ અઈમ્મા ઈબ્ને ખુઝૈમા તથા ઈમામ અબ્દુલ કાસિમ તબ્રાનીએ હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફ رضی اللہ عنہ થી રિવાયત કરી. અને તિર્મિઝીએ હસન ગરીબ સહીહ અને તબ્રાની તથા બયહકીએ

સહીહ અને હાકિમે બુખારી તથા મુસ્લિમની શર્ત પર સહીહ કહી, અને ઈમામ અબ્દુલ અઝીમ મુન્ઝરી વિગેરે નકદ તથા તન્કીદના ઈમામોએ તેઓના સહીહ કહેવાને માન્ય રાખ્યું, જેમાં હુઝૂર ﷺ એ એક નાબીના (અંધ સહાબી)ને દુઆ શીખવાડી કે નમાઝ પછી આ પ્રમાણે કહે :–

**اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ وَاَتَوَجَّهُ اِلَيْكَ بِنَبِيِّكَ مُحَمَّدٍ نَبِيِّ الرَّحْمَةِ يَا مُحَمَّدُ اِنِّیْ اَتَوَجَّهُ بِكَ اِلٰى رَبِّیْ فِیْ حَاجَتِیْ هٰذِهٖ لِتُقْضٰى اَللّٰهُمَّ فَشَفِّعْهُ فِیَّ۔**

**તર્જુમો** : "યા રબ ! (عَزَّوَجَلَّ) હું તારાથી સવાલ કરુ છું અને તારા તરફ તારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ના વસીલાથી જેઓ નબીયે રહમત છે, ધ્યાનમગ્ન થાઉં છું, "યા મુહમ્મદ !" ﷺ હું આપના વસીલાથી આપના રબ તરફ ધ્યાનમગ્ન થાઉં છું કે, મારી આંખો ઉઘાડી દે. (દષ્ટિવાળો કરે) ઈલાહી ! એમની શફાઅત મારા હકમાં કબૂલ ફર્માવ."

હઝરત ઈમામ તબ્રાનીની મુઅજ્જમમાં આ પ્રમાણે છે :–

**અરબી લખાણનો અર્થ** : એટલે કે એક જરૂરતમંદ પોતાની જરૂરત માટે હઝરત અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہ ની પાસે આવતો જતો હતો. હઝરત અમીરુલ મુ'મિનીન એની તરફ ન તો જોતા હતા ન એની જરૂરત પૂરી કરતા હતા. તો તેણે હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફ رضی اللہ عنہ થી આ મામલાની ફરિયાદ કરી. હઝરતે ફર્માવ્યું, વુઝૂ કરીને બે રકાત મસ્જિદમાં જઈ નમાઝ પઢ, પછી દુઆ માંગ કે ઈલાહી ! عَزَّوَجَلَّ હું તારાથી સવાલ કરું છું અને તારી બાજુ મારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ના





વસીલાથી તવજ્જહ કરું છું. યા રસૂલલ્લાહ ! ﷺ હું હુઝૂરના વસીલાથી મારા રબ عَزَّوَجَلَّ તરફ મુતવજ્જહ (ધ્યાનિત) થાઉં છું કે મારી જરૂરત પૂરી કરે, અને તારી જરૂરતનો ઉલ્લેખ કર. ત્યાર પછી સાંજે મારી પાસે આવજે કે હું પણ તારા સાથે આવીશ. જરૂરતમંદે કે જે સહાબી અથવા કમસે કમ મોટા તાબઈનોમાંથી હતા, આ પ્રમાણે જ કર્યુ પછી ખિલાફતના આસ્તાના પર હાજર થયા. દરબાન (ચોકીદાર) આવ્યો ને હાથ પકડીને હઝરત અમીરુલ મુ'મિનીન પાસે લઈ ગયો. હઝરત અમીરુલ મુ'મિનીને પોતાની સાથે મસ્નદ (બેઠક) પર બેસાડયા, આવવાનું કારણ પૂછ્યું તો તેમણે પોતાની હાજત જણાવી તો હઝરતે પૂરી કરી આપી. અને ઈર્શાદ ફર્માવ્યો કે આટલા દિવસો સુધી તેં તમારો મતલબ ન બયાન કર્યો ? પછી ફર્માવ્યું કે તમને કોઈપણ જરૂરત હોય તો મારી પાસે આવતા રહેજો.

આ સાહેબ ત્યાંથી નીકળીને હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફ رضی اللہ عنہ થી મળ્યા અને ફર્માવ્યું, અલ્લાહ عَزَّوَجَلَّ તમને નેક બદલો અતા કરે, હઝરત અમીરુલ મુ'મિનીન મારી જરૂરત પ્રતિ જોતા પણ ન હતા, એટલે સુધી કે તમોએ હઝરતથી મારી સિફારીશ કરી. હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફે ફર્માવ્યું, **અલ્લાહ عَزَّوَجَلَّ ની કસમ ! મેં તમારા બારામાં હઝરતથી કાંઈ જ કહ્યું નથી !** પરંતુ થયું એવું કે મેં આકાએ દો જહાં, નબીએ આખિરુઝ્ઝમાં ﷺ ને જોયા કે હુઝૂરની ખિદમતમાં એક નાબીના (અંધ) સહાબી આવ્યા અને નાબીનાઈ (અંધાપા)ની ફરિયાદ કરી. આકા ﷺ એ એમનાથી આ જ પ્રમાણે ફર્માવ્યું કે, વુઝૂ કરીને બે રકાત પઢીને આ દુઆ કર. ખુદા عَزَّوَجَلَّ ની કસમ ! હજુ

તો અમો ઉભા પણ થયા ન હતા, વાતો કરી રહ્યા હતા એટલામાં તે (આંધળા સહાબી) અમારી પાસે ઉપસ્થિત થયા એવી રીતે કે જાણે ક્યારેય આંધળા જ ન હતા !''

હઝરત ઈમામ તબ્રાની પછી ઈમામ મુન્ઝરી ફર્માવે છે, **વલ હદીષુ સહીહુન્** ''અને આ હદીષ સહીહ (યોગ્ય) છે.''

હઝરત ઈમામ બુખારી ''અલ્ અદબુલ્ મુફરદ''માં તથા ઈમામ ઈબ્નુસ્સુન્ની અને ઈમામ ઈબ્ને બશ્કુવાલ રિવાયત કરે છે :–

**અર્થ** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો પગ લકવા મારી ગયો, કોઈકે કહ્યું કે હઝરત ! તમો એમને યાદ કરો જે તમારા નજીક સર્વથી પ્યારા છે. હઝરતે ઊંચા અવાજે કહ્યું, **યા મુહમ્મદાહ્ !** તરત જ પગ સારો થઈ ગયો. (સુબ્હાનલ્લાહ !)

હઝરત ઈમામ નવવી શારેહે સહીહ મુસ્લિમએ પોતાની કિતાબ ''અલ્ અઝકાર''માં ઉપરોક્ત પ્રસંગ જેવો જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી નકલ કર્યો કે :–

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પાસે કોઈનો પગ લકવો મારી ગયો તો હઝરતે ફર્માવ્યું, તું એ વ્યક્તિને યાદ કર, જે તને સર્વથી વધુ મહબૂબ (પ્રિય) છે, તો તેણે **યા મુહમ્મદાહ્ !** કહ્યું તો સાજો થઈ ગયો. અને આ પ્રસંગ આ બે સહાબાઓની સિવાય બીજાઓથી પણ મરવી (રિવાયત) થયેલ છે. મદીનાના રહેવાસીઓમાં પહેલેથી જ **યા મુહમ્મદાહ્ !** કહેવાની આદત ચાલી આવી છે.

અલ્લામા શહાબ ખફ્ફાજી મિસ્રી ''નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી અયાઝ''માં ફર્માવે છે :–





**અર્થ : યા મુહમ્મદાહ્ !** કહેવું મદીનાવાળાઓનો નિયમ (રોજની ટેવ) તથા આદત હતી.

હઝરત બિલાલ ઈબ્ને હારિષ મુઝનીથી ''આમુર રમાદહ્''ના દુકાળમાં કે જે હઝરત અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં હિ.સ. ૧૮માં પડયો હતો. તેમની કૌમે અર્ઝ કરી કે, અમે મરી રહ્યા છીએ બકરી ઝબહ કરો ! ઈર્શાદ ફર્માવ્યો કે બકરીઓમાં પણ કશું નથી રહ્યું. તે લોકોએ વારંવાર કહ્યું તો અંતે ઝબહ કરી અને ચામડુ ખેંચ્યું તો ખાલી લાલ હાડકુ નીકળ્યું ! આ જોઈને હઝરત બિલાલ બિન હારિષે પોકાર્યું કે, **યા મુહમ્મદાહ્ !** પછી હુઝૂર ﷺ એ સપનામાં આવીને ખુશખબરી આપી (કે વરસાદ થશે.) છેવટ સુધી.

હઝરત ઈમામ મુજતહિદ ફકીહે અજલ અબ્દુર્રહમાન હુઝલી કૂફી મસ્ઊદી જે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદના પૌત્ર અને મહાન તબે તાબઈન તથા મહાન મુજતહિદોમાંથી છે. માથા પર ઊંચી ટોપી મૂકતા જેમાં લખેલું હતું, **''મુહમ્મદ યા મન્સૂર !''**

અને સ્પષ્ટ છે કે :– اَلْقَلَمُ اَحَدُ اللِّسَانَيْنِ.

એટલે કે કલમ (પેન) બે ઝબાનોમાંથી એક છે. (કલમ પણ એક ઝબાન છે.)

હઝરત હુસૈન ઈબ્ને જમીલ ઈન્તાકી કે જે વિ□સનીય મજબૂત મુહદ્દિષોમાંથી છે. આ જ ઈમામે અજલ (અબ્દુર્રહમાન હુઝલી)ના સંબંધે ફર્માવે છે :–

**અર્થ** : મેં તેઓને જોયા કે તે પોતાના માથા પર એક ગજ (હાથથી લાંબી) ટોપી મૂક્તા હતા, જેમાં લખેલુ હતું, **મુહમ્મદ**

**યા મન્સૂર !** એનું વર્ણન "તહઝીબુત્તહઝીબ" વિગેરેમાં પણ છે.

હઝરત ઈમામ શૈખુલ ઈસ્લામ શહાબુદ્દીન રમલી અન્સારીના ફતાવામાં છે :–

**અર્થ** : એમને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, આમ લોકો જે સંકટ સમયમાં અંબિયાએ કિરામ (નબીઓ) તથા મુરસલીન (રસૂલો) અને અવલિયા તથા સાલહીનથી ફરિયાદ કરે છે, અને **યા રસૂલલ્લાહ ! યા અલી ! યા શૈખ અબ્દુલ કાદિર જીલાની !** અને આ જ પ્રમાણે અન્ય કલેમાત (શબ્દો) બોલે છે તો આ જાઈઝ છે કે કેમ ?

હઝરતે જવાબ આપ્યો કે :–

**નિઃશંક ! હઝરાતે અંબિયા તથા મુરસલીન અને અવલિયા તથા ઉલ્માથી મદદ માંગવી જાઈઝ છે, અને તેઓ ઈન્તેકાલ પછી પણ મદદ ફર્માવે છે.**

હઝરત અલ્લામા ખૈરૂદ્દીન રમલી ઉસ્તાઝ સાહિબે દુર્રે મુખ્તાર ફતાવા ખૈરિયહ્‌માં ફર્માવે છે :

**અર્થ** : લોકોનું કહેવુ, **યા શૈખ અબ્દુલ કાદિર !** એ એક નિદા (મદદ માટેની પુકાર) છે, પછી એના હરામ હોવાનું શું કારણ છે ?!

સૈયદી જમાલ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર મક્કી પોતાના ફતાવામાં ફર્માવે છે :–

**અર્થ** : મારાથી પ્રશ્ન થયો એ માનવીના બારામાં જે સંકટ સમયે કહે છે, **યા રસૂલલ્લાહ !** અથવા **યા અલી !** અથવા **યા શૈખ અબ્દુલ કાદિર !** વિગેરે... શું જાઈઝ છે કે કેમ ?





મેં જવાબમાં કહ્યું, **"હા ! અવલિયાથી મદદ માંગવી અને એમને પુકારવા અને એમનો વસીલો લેવો શરીઅતમાં જાઈઝ છે અને પ્રિય વસ્તુ છે. જેનો ઈન્કાર કોઈ કરશે નહીં પણ તે જે હઠધર્મીવાળો હશે અથવા ઔલિયા અલ્લાહની દુશ્મની રાખવાવાળો હશે, અને બેશક ! તે ઔલિયાએ કિરામની બરકતથી મહરૂમ છે."**

હઝરત ઈમામ ઈબ્ને જવઝીએ કિતાબ "ઊયુનુલ હિકાયાત"માં ત્રણ અવલિયાએ અઝીમુશ્શાનનો વાક્યો બસનદે મુસલ્સલ (ક્રમવાર રાવીયોના નામની લિસ્ટ સાથે) રિવાયત કર્યો કે :–

ત્રણ ભાઈ બહાદુર સવારો શામના રહેવાસી હતા, તેઓ હમેશાં અલ્લાહ ﷻ ની રાહમાં જેહાદ કરતા.

એક વખત રૂમના નસરાનીઓ તે સવારોને કેદ કરીને લઈ ગયા. બાદશાહે કહ્યું, હું તમોને સલ્તનત આપીશ અને મારી છોકરીઓનાં તમારી સાથે લગ્ન કરી દઈશ, તમો નસરાની થઈ જાવ ! એ લોકોએ બાદશાહની વાતને ઠુકરાવીને પુકાર્યું, **યા મુહમ્મદાહ્‌ !**

બાદશાહે દેગોમાં તેલ ગરમ કરાવીને બે સાથીઓને એમાં નાખી દીધા. ત્રીજાને અલ્લાહ ﷻ એ સબબ પેદા કરીને બચાવી લીધો. પેલા બંનેવ જે દેગમાં નાખવામાં આવ્યા હતા તેઓ છ મહિના બાદ ફરિશ્તાઓની એક ટુકડી સાથે જાગૃતાવસ્થામાં તેની પાસે આવ્યા અને ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ અમોને તમારી શાદીમાં ભાગ લેવા મોકલ્યા છે." તેઓએ બંનેની ખૈરિયત પૂછી તો ફર્માવ્યું, બસ ! એ જ તેલની એક ડૂબકી હતી જે તમોએ જોઈ !

ત્યાર બાદ અમો બુલંદ જન્નતમાં હતા.

ઈમામ ફર્માવે છે :–

**અર્થ** : આ લોકો પૂર્વજોના કાળમાં શામમાં મશ્હૂર હતા અને તેઓનો આ પ્રસંગ ખૂબ જ પ્રખ્યાત છે. પછી ફર્માવ્યું, કવિઓએ તેમની પ્રશંસામાં કાવ્યો લખ્યાં જેમાં આ શેઅર છે :

**અર્થ** : "નજીક છે કે અલ્લાહ તઆલા સાચા ઈમાનવાળાઓને એમના સાચુ બોલવાની બરકતથી જિંદગી અને મૌતમાં છૂટકારો અર્પણ કરે."

આ પ્રસંગ આશ્ચર્યજનક અને બેહતરીન રૂહપરવર છે. હું લખાણ લાંબુ થવાના ખ્યાલથી ટૂંકમાં બયાન કરી ગયો. પૂરેપૂરો પ્રસંગ હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતીની કિતાબ "શરહુસ્સદૂર"માં છે, જેની ઈચ્છા હોય તે ત્યાં જોઈ લે. અહીંયા એટલો જ હેતુ છે કે **સંકટ સમયમાં યા રસૂલલ્લાહ ! કહેવું જો શિર્ક હોય તો મુશ્રિકની મગફેરત અને શહાદત કેવી ? અને જન્નતુલ્ ફિરદૌસમાં જગ્યા પામવાનો શું અર્થ ? અને તેમની શાદીમાં ફરિશ્તાઓને મોકલવાનો શું અર્થ ?! અને તે અઈમ્મએ દીને આ રિવાયત કેમ કરીને પસંદ કરી ? અને તેમની શહાદત શા કારણે મુસલ્લમ (માન્ય) રાખી ? અને તે અલ્લાહવાળા લોકો પોતે પણ સલફે સાલેહીન (નેક પૂર્વજો)માંથી હતા.**

આ વાક્યો "તરતૂસ" શહેર આબાદ થયા પહેલાંનો છે. અને તરતૂસ એક દારુલ ઈસ્લામની સરહદનું શહેર છે જેને ખલીફા હારૂન રશીદે આબાદ કર્યું, જેમ કે હઝરત ઈમામ સિયૂતીએ





પોતાની કિતાબ "તારીખુલ્ ખુલ્ફા"માં વર્ણન કર્યું. હારૂન રશીદનો જમાનો (યુગ) તાબઈન અને તબે તાબઈનનો જમાનો હતો, જેથી જો આ ત્રણ શહીદો તાબઈન ન હતા તો કમસે કમ તબે તાબઈન તો હતા. વલ્લાહુલ હાદી (અલ્લાહ ﷻ હિદાયત આપવાવાળો છે.)

હુઝુર પૂરનૂર સૈયદના ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ફર્માવે છે :

**અર્થ : જે કોઈ તકલીફમાં મારાથી ફરિયાદ કરે તો તકલીફ દૂર થાય, અને જે કોઈ પરેશાનીમાં મારું નામ લઈને નિદા (પુકાર) કરે તે પરેશાની દૂર થાય, અને જે કોઈ જરૂરતમાં અલ્લાહ ﷻ ની બારગાહમાં મને વસીલો બનાવે તે જરૂરત પૂરી થાય. અને જે કોઈ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતેહા પછી સૂરએ ઈખ્લાસ ૧૧ વખત પઢે. પછી સલામ ફેરવીને નબી ﷺ પર દુરૂદ મોકલે અને મને યાદ કરે પછી ઈરાક શરીફની બાજુ અગ્યાર કદમ ચાલે, એમાં મારું નામ લેતો જાય અને પોતાની જરૂરતને યાદ કરે, અને એ જરૂરત અલ્લાહ ﷻ ની ઈજાઝતથી પૂરી થશે.**

મોટા મોટા અવલિયા અને ઉલમાએ કિરામ જેમ કે હઝરત અબુલ હસન નૂરુદ્દીન અલી ઈબ્ને જરીર લખમી શતનૂફી તથા ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને અસ્અદ યાફઈ મક્કી, મવલાના અલી કારી સાહિબે મિર્કાત શરહે મિશ્કાત તથા મવલાના અબુલ મઆલી મુહમ્મદ મુસ્લમી કાદરી તથા શેખ મુહક્કિક અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલવી رحمۃ اللہ علیہ વિગેરેએ પોતપોતાની કિતાબો "બહજતુલ અસ્રાર" તથા "ખુલાસતુલ મફાખિર" તથા

''નુઝહતુલ ખાતિર'' તથા ''તોહફાએ કાદરિયાહ'' તથા ''ઝુબ્દતુલ આષાર''વિગેરેમાં આ મુબારક રહમતભર્યા શબ્દોને હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ થી નકલ (વર્ણન) રિવાયત કર્યા છે. આ હઝરત ઈમામ અબુલ હસન નૂરુદ્દીન અલી લેખક ''બહજતુલ અસ્રાર શરીફ'' મહાન ઉલમા તથા મહાન અવલિયાએ કિરામમાંથી છે. હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ થી માત્ર બે વાસ્તા રાખે છે. (એટલે કે એમના અને હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہના વચ્ચે માત્ર બે જ બુઝુર્ગો છે, અને ત્રીજા ક્રમે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ છે. *-અનુવાદક*) આપે (ઈમામ અબુલ હસને) ઈમામે અજલ હઝરત અબૂ સાલેહ નશ્ર قدس سرہٗ થી ફૈઝ પ્રાપ્ત કર્યો. (અને તે) હઝરતે પોતાના વાલિદ માજિદ હઝરત અબૂબક્ર તાજુદ્દીન અબ્દુર્રઝ્ઝાક (નવ્વરલ્લાહુ મરકદહૂ)થી ફૈઝ પ્રાપ્ત કર્યો અને તે હઝરતે તેમના વાલિદ માજિદ હુઝૂર પુરનૂર સૈયદુસ્સાદાત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ થી ફૈઝ પ્રાપ્ત કર્યો.

આમ ગૌષ પાક સુધીમાં માત્ર વચ્ચે બે જ વાસ્તા થયા. હઝરત શૈખ મુહક્કિક رحمۃ اللہ علیہ ''ઝુબ્દતુલ આષાર''માં ફર્માવે છે, આ કિતાબ એટલે ''બહજતુલ અસ્રાર શરીફ'' અઝીમ તથા શરીફ અને મશ્હૂર છે. અને તેના લેખક (એટલે ઈમામ અબુલ હસન) ઉલમાના ઉસ્તાદોમાંના આલિમ તથા મશ્હૂરો મઅરૂફ (ખ્યાતનામ) છે, તેમની નેક જિંદગીનો ચિતાર કિતાબોમાં મૌજૂદ તથા લખેલ છે.

હઝરત ઈમામ શમ્સુદ્દીન ઝહબી જે હદીષના ઈલ્મ તથા અસ્માઉર્રિજાલ (રાવીયોના નામો)ના ફન (વિષય)માં જેમની



निदाए या रसूलल्लाह ! ﷺ

શાન દુનિયાથી ગુપ્ત નથી. તેઓ આ હઝરતની (ઈમામ અબુલ હસનની) સબકની મજલિસમાં હાજર થયા અને પોતાની કિતાબ ''તબ્કાતુલ મુકર્રીન''માં આપની તઅરીફ લખી.

હઝરત ઈમામ મુહદ્દિષ મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ અલજઝરી ''હિસ્ને હસીન''ના લેખક હઝરતના શાગિર્દોમાંથી છે. તેમણે આ કિતાબ (બહ્જતુલ અસ્રારશરીફ) પોતાના શૈખથી (ઈમામ શમ્સુદ્દીનથી) પઢી અને તેની સનદ તથા (આ કિતાબની રિવાયતોથી રિવાયત કરવાની) ઈજાઝત પ્રાપ્ત કરી. (વધુ જાણકારી માટે આ'લા હઝરત رضی اللہ عنہ નો રિસાલો **''અન્હારુલ અન્વાર મિન યમ સલાતિલ અસરાર''** હિ.સ. ૧૩૦૫માં લખાયેલનો અભ્યાસ કરો.)

ઈમામ આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલ વહાબ શઅ્રાની (قدس سرہٗ) ઉમદા કિતાબ ''લવાકિહુલ અન્વાર ફી તબ્કાતિલ અખ્યાર''માં ફર્માવે છે :–

સૈયદી મુહમ્મદ ગમરી رضی اللہ عنہ ના એક મુરીદ બજારમાં જઈ રહ્યા હતા. તેમના જાનવરનો પગ સરકયો તો ઊંચા અવાજે પુકાર્યું, **''યા સૈયદી ! યા ગમરી !''** બીજી બાજુ ઈબ્ને ઉમર હાકિમ સઈદને ચકમક બાદશાહના હુકમથી કેદ કરવા માટે લઈ જવામાં આવી રહ્યા હતા. ઈબ્ને ઉમરે ફકીરના પુકારવાને સાંભળ્યું તો પૂછયું, આ સૈયદી મુહમ્મદ કોણ છે ? કહ્યું કે તે મારા શૈખ છે. તેમણે કહ્યું, હું પણ કહું છું, **યા સૈયદી મુહમ્મદ યા ગમરી લા હિઝ્ની !** હે મારા સરદાર ! હે મુહમ્મદ ગમરી ! મારા પર ઈનાયતની નઝર કરો ! તેમના આટલુ કહેતાં જ હઝરત સૈયદી મુહમ્મદ ગમરી તશરીફ લાવ્યા અને મદદ કરી, જેથી બાદશાહ

અને તેના સૈનિકોની જાન પર આવી બની, એટલે ઈબ્ને ઉમરને ઈન્આમ આપી છોડી મૂક્યા.

એ જ કિતાબમાં છે : સૈયદી શમ્સુદીન મુહમ્મદ હનીફ رضی اللہ عنہ પોતાના ખલ્વતના (અંગત) રૂમમાં વુઝૂ કરી રહ્યા હતા. અચાનક એક ખરાઊં (જૂતી) હવામાં ફેંકી જે ગાયબ થઈ ગઈ, જ્યારે કે રૂમમાં તેના હવામાં (બહાર) જવા માટે કોઈ રસ્તો ન હતો. બીજી જૂતી પોતાના ખાદિમને અર્પણ કરી કે પોતાની પાસે રાખે ત્યાં સુધી કે પ્રથમ પાછી આવે. લાંબા સમય પછી શામના દેશથી એક માનવી તે જૂતી તથા તોહફા લઈને આવ્યો અને અર્ઝ કરી કે, અલ્લાહ ﷻ હઝરતને નેક બદલો આપે, જ્યારે ચોર મને કત્લ કરવા મારા સીના પર બેસી ગયો તો મેં મારા દિલમાં કહ્યું, **યા સૈયદી મુહમ્મદ યા હનફી !** તે જ સમયે આ જૂતી ગૈબી રીતે આવી અને એના સીના (છાતી) પર આવીને વાગી અને તે બેહોશ થઈ પડી ગયો, અને હઝરતની બરકતથી અલ્લાહ ﷻ એ મને નજાત (છૂટકારો) આપી.

એમાં જ છે : વલીએ મમદૂહ قدس سرہ નાં મુકદસ પત્ની (હઝરત શમ્સુદન મુહમ્મદ હનફીનાં) બીમારીથી મૃત્યુ સુધી પહોંચી ગયાં તો તેણી આ પ્રમાણે પોકાર્યા કરતાં હતાં :–

''હે મારા સરદાર ! હે અહમદ બદવી ! હઝરતની તવજ્જોહ મારા સાથે છે.''

એક દિવસ હઝરત સૈયદી અહમદ કબીર બદવી رضی اللہ عنہ ને સ્વપ્નામાં જોયા કે ફર્માવી રહ્યા છે, ક્યાં સુધી મને પુકારીશ અને મારાથી ફરિયાદ કરતી રહીશ ?! તું જાણતી નથી કે તું એક મોટા સાહિબે તમકીન (પોતાના પતિ)ની હિમાયત હેઠળ છે, અને જે





કોઈ મોટા વલીની બારગાહમાં હોય છે, અમો તેની નિદા (પુકાર) પર જવાબ નથી આપતા. આ પ્રમાણે બોલ : **યા સૈયદી મુહમ્મદ યા હન્ફી !** કે તું આ પ્રમાણે બોલીશ તો તને અલ્લાહ ﷻ આરામ આપશે. એ બીબીએ એ જ પ્રમાણે કર્યું તો સવારમાં સારાં તદુરસ્ત થઈ ઉઠયાં, જેમ કે કોઈ દિવસ બીમારી જ ન હતી. એમાં જ છે :–

હઝરત મમદૂહ પોતાના મૃત્યુ પામવાની બીમારીમાં ફર્માવતા હતા, અર્થ : જેને પણ કોઈ જરૂરત હોય તે મારી કબર પર ઉપસ્થિત થઈ જરૂરત માંગે તો હું પૂરી કરીશ, મારા અને તમારામાં માત્ર હાથ ભર માટીનું જ તો અંતર છે. અને જે વ્યક્તિને આટલી માટી પોતાના દોસ્તોથી પર્દામાં કરી આપે તે વ્યક્તિ જ કેવો ?

આ જ પ્રમાણે હઝરત સૈયદી મુહમ્મદ ઈબ્ને અહમદ ફરગુલ رضی اللہ عنہ ના જીવનવૃત્તાંતમાં લખેલું છે :–

હઝરત ફર્માવતા હતા કે હું તે લોકોમાંથી એક છું જેઓ પોતાની કબ્રમાં તસર્રુફ (કરામત) ફર્માવે છે. જેને પણ કોઈ જરૂરત પડે તે મારી પાસે આવી મારા મોઢાની સામે ઉભો રહીને મારાથી પોતાની જરૂરત બયાન કરે, હૂં પૂરી કરી આપીશ.

એમાં જ છે : મરવી છે કે એક વખત હઝરત સૈયદી મદયન ઈબ્ને અહમદ અશમૂની رضی اللہ عنہ એ વુઝૂ કરતાં કરતાં એક જુતી પૂર્વના શહેરો તરફ ફેંકી. એક વરસ દિવસ પછી એક શખ્સ હાજર થયો અને તે જુતી તેની પાસે હતી. તેણે હાલત (કૈફિયત) બયાન કરી કે, જંગલમાં એક બદચલને તેમની છોકરી પર ઝુલ્મનો ઈરાદો કર્યો તો છોકરી તે સમયે પોતાના પિતાજીના પીરો મુર્શિદ

(હઝરત સૈયદ મદયન)નું નામ ન જાણતી હતી જેથી આમ પુકાર્યું, **યા શયખ અબીલ અહ્ઝિની !** ''હે મારા પિતાજીના પીર ! મને બચાવો !'' આ પુકાર કરતાંની સાથે જ તે જુતી આવી અને છોકરીએ છૂટકારો મેળવ્યો. તે જુતી તેમની અવલાદ (પેઢી)માં હજુ સુધી અસ્તિત્વમાં છે. એમાં જ સૈયદી યા મૂસા અબૂ ઈમરાન رحمۃ اللہ علیہ ના ઝિક્રમાં લખેલ છે :–

**અર્થ** : જ્યારે પણ તેઓના મુરીદ જ્યાંથી પણ તેઓને નિદા (પુકાર) કરતા ત્યારે જવાબ આપતા, ભલે તે વર્ષ જેટલા અંતરે હોય અથવા એનાથી વધારે.

હઝરત શૈખ મોહક્કિક અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી ''અખ્બારુલ અખ્યાર શરીફ''માં હઝરત સૈયદ શૈખ બહાઉલ્ હક્ક વ દીન ઈબ્ને અતાઉલ્લાહ અન્સારી કાદરી સત્તારી હુસૈનીના મુબારક ઝિક્ર (જીવન–વૃત્તાંત)માં હઝરતના મુબારક રિસાલા (પુસ્તિકા) સત્તારીયાથી વર્ણન કરી ફર્માવે છે :–

કશ્ફે અરવાહ (સૂફીયાનો એક દરજો જ્યાં પહોંચીને તેઓને રૂહોની હાલત ખબર પડી જાય છે)નું ઝિક્ર **યા અહમદ ! યા મુહમ્મદ !** થકી બે પ્રકારનું છે.

એક પ્રકાર આ પ્રમાણે કે **યા અહમદ**ને જમણી બાજુ અને **યા મુહમ્મદ**ને ડાબી બાજુ કહે અને દિલ પર **યા મુસ્તફા ! યા રસૂલલ્લાહ !**ની ઝર્બ લગાડે. બીજો પ્રકાર એ કે જમણી બાજુ **યા અહમદ** અને ડાબી બાજુ **યા મુહમ્મદ** કહે અને દિલમાં **યા મુસ્તફા**નો ખ્યાલ કરે.

બીજુ ઝિક્ર એ કે **યા અહમદ ! યા મુહમ્મદ ! યા અલી !**





**યા હસન ! યા હુસૈન ! યા ફાતેમા ! છ બાજુ (જમણે, ડાબે, આગળ, પાછળ, ઉપર, નીચે** કરે, સર્વ રૂહોનો કશ્ફ થશે. મુકર્રબ ફરિશ્તાઓનું ઝિક્ર પણ આ જ અસર ધરાવે છે. **યા જિબ્રઈલ ! યા મીકાઈલ ! યા ઈસ્રાફીલ ! યા ઈઝરાઈલ !** ચારે બાજુ ઝિક્ર કરે. (ઝર્બ લગાડે.)

બીજુ ઝિક્ર આ મુજબ કે શૈખનુ નામ લે (પીરનું નામ) એટલે કે **યા શેખ ! યા શેખ ! એક હજાર વખત બોલે.** પુકારવાનો શબ્દ (યા)ને દિલની જમણી બાજુ ખેંચે અને શેખના શબ્દની દિલ પર ઝર્બ લગાડે.

હઝરત સૈયદી નૂરુદ્દીન અબ્દુર્રહમાન જામી ''નફહાતુલ ઉન્સ શરીફ''માં હઝરત મૌલ્વી મઅ્નવી قدس سرہ ના જીવન ચરિત્રમાં લખે છે કે મૌલાના રૂહુલ્લાહ રૂવહહૂએ મૃત્યુના નજીકમાં ફર્માવ્યું, **(ફારસી લખાણનો અર્થ)** : મારા ચાલ્યા જવાનો ગમ ન કરશો કે હઝરત મન્સૂરના નૂરે ૧૫૦ વર્ષ બાદ હઝરત શૈખ ફરીદુદ્દીન અત્તારની રૂહ પર તજલ્લી ફર્માવીને તેઓના પીર મુર્શિદ થઈ ગયા.

વધુમાં ફર્માવ્યું :–

દુનિયાથી મારા બે સંબંધ છે, એક શરીરથી એક તમારાથી. જ્યારે હું હક્ક તઆલા તરફ મુતવજ્જેહ (ધ્યાનિત) થાઉં, અને તજરીદ તથા તફરીદ (એકાંત)ની દુનિયા મારા મોઢા સમક્ષ હોય, તો પણ આ સંબંધ તમારા સાથે રહે છે.

હઝરત શાહ વલીયુલ્લાહ ''અત્યુબુન્નેઅ્મ ફી મદહે સૈયદિલ અરબ વલ અજમ''માં ફર્માવે છે :–

**અર્થ** : "અલ્લાહ عزوجل તમારા પર રહમતો નાઝિલ કરે, હે મખ્લૂકમાં સર્વથી બેહતર ! કે સર્વ ઉમ્મીદની જગ્યા ! હે બેહતરીન અર્પણ કરનાર ! અને હે બેહતરીન તે ઝાત કે જેના થકી મુસીબત દૂર કરવાની ઉમ્મીદ રાખવામાં આવે છે. અને જે ઝાતની સખાવત વાદળો કરતાંયે બુલંદ છે. તમો મુસીબતના સમયે પનાહ આપવાવાળા છો જ્યારે કે મુસીબત પોતાના સખ્ત પંજાઓ દિલમાં ઘુસાડે."

આ કિતાબની પ્રથમ ફસ્લ (વિભાગ)માં લખે છે :–

**અર્થ** : "હે અલ્લાહ عزوجل ના નબી ﷺ મને તમારા સિવાય કોઈ દેખાતુ નથી પરેશાની અને સખ્તીમાં ઉમ્મીદની જગ્યા.

એના શરૂમાં લખે છે :–

"કેટલીક મુસીબતોનું વર્ણન કે જેમાં નબીયે પાક ﷺ ની રૂહથી મદદ લેવી જરૂરી છે."

આ જ શાહ સાહબ "મદહિય્યા હમ્ઝિય્યહ્"માં ફર્માવે છે :

**અર્થ** : "હુઝૂર ﷺ ની બારગાહમાં નિદા (પુકાર) કર રડતાં રડતાં, તૂટેલા દિલ સહિત પોતાની કમજોરીને બયાન કરીને, મુનાજાતમાં (પુકાર), ઈખ્લાસ સાથે પનાહ પકડ. આ પ્રમાણે કે, હે અલ્લાહ عزوجل ના રસૂલ ﷺ ! હે સર્વથી બેહતર ! કયામતના દિવસે હું તમારી અતાનો ચાહવાવાળો છું. તે સમયે કે મોટી મુસીબત સખત અંધારામાં ઉતરી આવે, બસ ! આપ જ સર્વ બલાઓની પનાહ અને મેં તમારા તરફ તવજ્જોહ કરી. અને મેં તમારાથી પનાહ પકડી અને તમારાથી ઉમ્મીદ રાખું છું." (મુલખ્ખસન)





આજ શાહ સાહબ 'ઈન્તેબાહ્ ફી સલાસિલે અવલિયા"માં જરૂરત પૂરી કરવા માટે એક ખતમની રીત આ પ્રમાણે વર્ણન કરે છે : સર્વ પ્રથમ બે રકાત નમાઝ પઢે, ત્યાર પછી ૧૧૧ વખત દુરૂદ શરીફ અને ત્યારબાદ ૧૧૧ વખત કલમએ તમજીદ (ત્રીજો કલમો) અને ત્યારબાદ ૧૧૧ વખત **શયઅન લિલ્લાહ યા શૈખ અબ્દુલ કાદિર જીલાની** رضی اللہ عنہ પઢે.

આજ ઈન્તેબાહથી પુરવાર છે કે આ જ શાહ સાહબ અને તેમના શૈખ અને ઉસ્તાદે હદીષ હઝરત મૌલાના તાહિર મદની જેમની ખિદમતમાં વર્ષો રહીને શાહ સાહેબે હદીષ પઢી, અને તેમના શેખ તથા ઉસ્તાદ અને પિતા મૌલાના ઈબ્રાહીમ કુરદી અને તેમના ઉસ્તાઝ મૌલાના કશાશી અને તેમના ઉસ્તાઝ મૌલાના અહમદ શનાવી અને શાહ સાહેબના ઉસ્તાઝના પણ ઉસ્તાઝ મૌલાના અહમદ નખલી, આ ચારેવ પણ શાહ સાહબના ઘણા હદીષના સિલસિલામાં દાખિલ અને શાહ સાહબના પીરો મુર્શિદ શૈખ મુહમ્મદ સઈદ લાહોરી જેમને ઈન્તેબાહમાં "શૈખ મોઅમર ષિકહ" કહ્યા અને તરીકતના મશાઈખોના સરદારમાંથી ગણ્યા અને પીર શેખ મુહમ્મદ અશરફ લાહોરી અને તેમના શૈખ મૌલાના અબ્દુલમલિક અને તેમના મુર્શિદ મૌલાના અબ્દુલમલિક અને તેમના મુર્શિદ શૈખ બાયઝીદ ષાની અને શૈખ શનાવીના પીર હઝરત સૈયદ સિબ્ગતુલ્લાહ બરૂજી અને આ બંનેના (સાહબોના) પીરો મુર્શિદ હઝરત મૌલાના વજીહુદ્દીન અલવી (ગુજરાતી) હિદાયહ્ અને શરહે વકાયાના શારેહ, અને તેમના શૈખ મુહમ્મદ ગૌષ ગવાલિયરી (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ).

આ સર્વ અકાબિર ''નાદે અલી''ની સનદ લેતા અને પોતાના તલબાઓ તથા ફયૂઝ લેવાવાળાઓને ઈજાઝત આપતા. અને **''યા અલી ! યા અલી !''**નો વઝીફો કરતા. (વ લિલ્લાહિલ્ હુજ્જતુસ્સામિયહ્) જેમણે એની વધુ સ્પષ્ટતા જોવી હોય તેઓ ફકીર (આ'લા હઝરત) ના રિસાલા ''અન્હારુલ અન્વાર, હયાતુલમવાત ફી બયાને સિમાઈલ અમ્વાત''નો અભ્યાસ કરે.

શાહ સાહબે ''બુસ્તાનુલ મુહદ્દિષીન''માં હઝરત અરફઓ આલા, ઈમામુલ ઉલ્મા નિઝામુલ અવલિયા, હઝરત સૈયદી અહમદ ઝર્રૂક મગરબી قدس سرہ ઉસ્તાઝે ઈમામ શમસુદ્દીન લકાની તથા ઈમામ શહાબુદ્દીન કસ્તલાની શારેહે સહીહ બુખારીની ઘણી તઅરીફ (વખાણ કરી) કે હઝરત અબ્દાલે સબઆ (સાત અબ્દાલ) તથા મુહક્કિકીન સૂફિયાથી છે. શરીઅત તથા હકીકતના જામેઅ, બાતિનની બુલંદીના ગુણોવાળા, તેમની કિતાબો જાહેરી ઈલ્મોમાં ઘણી બધી છે તથા ખૂબ ફાયદામંદ છે. મોટા મોટા ઉલ્મા ફખ્ર (ગર્વ) કરતા હતા કે અમો આવા આલિમ તથા આરિફના શાગિર્દ છીએ. શાહ સાહબ ફર્માવે છે કે, ''આ જલીલુલ્ કદર બુઝુર્ગ છે અને તેમના કમાલના દરજ્જાના વર્ણન માટે શબ્દો નથી જડતા.''

ત્યાર પછી હઝરતના પાક કલામમાંથી બે શેઅર વર્ણન કર્યા :–

**અર્થ** : અમારા મુરીદની મુશ્કેલીમાં રાહત અર્પણ કરવાવાળો છું, જ્યારે જમાનાનો સિતમ (જુલ્મ) પોતાની નહૂસતથી વધારો કરે, અને જ્યારે તું તંગી તથા તકલીફમાં હોય તો આ પ્રમાણે બોલ, **યા ઝર્રૂક !** હું તરત જ હાજર થઈશ.





અલ્લામા ઝિયાદી તથા અલ્લામા અજહૂરી (ઘણી કિતાબોના લેખક) તથા અલ્લામા દાઊદી મુહશી શરહે મુન્હજ તથા અલ્લામા શામી સાહિબે રદ્દુલ મુહતાર હાશિયા દુર્રે મુખ્તાર, ખોવાઈ ગયેલ વસ્તુને મેળવવા માટે ફર્માવે છે કે, ઊંચી જગ્યાએ જઈને (જેમ કે ધાબુ વિગેરે) હઝરત સૈયદી અહમદ ઈબ્ને અલ્વાન યમની قدس سرہ માટે ફાતેહા પઢે, પછી તેમને નિદા કરે (પોકાર કરે) કે, **યા સૈયદી અહમદ યા ઈબ્ને અલ્વાન !** رضی اللہ عنہ

મતલબ કે ફકીરે (આ'લા હઝરતે) આ હઝરાતે સહાબાએ કિરામથી લઈ અત્યાર સુધીના આટલા અવલિયા, ઉલ્મા, અઈમ્મહ્ જેમનાં કથનો ટૂંક સમયમાં વર્ણન કરી આપ્યાં, હવે (યા શબ્દથી પુકારવાને) મુશ્રિક કહેનારાઓને પ્રશ્ન કરો કે હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી લઈને હઝરત શાહ વલીયુલ્લાહ તથા શાહ અબ્દુલ અઝીઝ અને તેમના ઉસ્તાઝો તથા મશાઈખો સુધી સર્વને કાફિર તથા મુશ્રિક કહો છો કે કેમ ? જો ઈન્કાર કરે તો અલ્લાહ عزوجل નો લાખ લાખ શુક્ર કે હિદાયત પામી લીધી, અને હક્ક સ્પષ્ટ થઈ ગયું. અને જો બેધડક કાફિર મુશ્રિકનો ફત્વો જારી કરે તો તેઓને કહી દો કો અલ્લાહ عزوجل હિદાયત આપે, જરા આંખો ખોલીને જુઓ કે તેમણે કોને કહ્યું ? અને શું કહ્યું ?! **ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલયહિ રાજિઊન** અને (વહાલા સુન્ની ભાઈઓ !) જાણી લો કે જે મઝહબના નઝદીક સહાબાથી લઈ અત્યાર સુધીના અકાબિર (મઆઝલ્લાહ !) કાફિર તથા મુશ્રિક થાય ! તેવો મઝહબ અલ્લાહ عزوجل તથા તેના રસૂલ ﷺ

ને કેવો દુશ્મન (નાપસંદ) હશે ?!

સહીહ હદીષોમાં આવ્યું કે જે કોઈ મુસલમાનને કાફિર કહે તો પોતે કાફિર થશે. અને ઘણા ઉલ્માએ (મુત્લકન) (અબાધિત રીતે) આના પર ફત્વો આપ્યો. જેની વધુ સ્પષ્ટતા ફકીરના રિસાલા "અન્નહયુલ્ અકીદ અનિસ્સલાતિ વરાઅ એદત્તકલીદ" (હિ.સ. ૧૪૦૫)માં વર્ણન કરેલ છે. ભલે અમે એહતિયાતના લીધે કાફિરનો હુકમ ન લગાડીએ તેમ છતાં પણ એ વાતમાં તો કાંઈ કહ્યાપણુ જ નથી કે ઈમામોની એક ટુકડીના નઝદીક એ લોકો કે **જેઓ યા રસૂલલ્લાહ ! તથા યા અલી ! તથા યા ગવષુષ્ષકલૈન ! કહેનારા મુસ્લિમોને કાફિર તથા મુશ્રિક કહે છે, તેઓ પોતે જ કાફિર છે.** તો તેઓના માટે અનિવાર્ય છે કે નવેસરથી કલમએ ઈસ્લામ (કલમએ તય્યબહ્) પઢે, અને પોતાની સ્ત્રીઓથી નવેસર નિકાહથી કરે. *(દુર્રે મુખ્તાર)*

**ફાયદો** : હુઝૂર સૈયદે આલમ ﷺ ને નિદા (પુકાર) કરવાની ઉમદા (સારી) દલીલોમાંથી અત્તહિય્યાત છે જેને સર્વ નમાઝી દરેક નમાઝની બે રકાત પર પઢે છે અને પોતાના નબીયે કરીમ ﷺ થી અર્ઝ કરે છે, **અસ્સલામુ અલય્ક અય્યુહન્નબી, વરહમતુલ્લાહિ વબરકાતુહૂ** "હે નબી ! આપ પર સલામ અને અલ્લાહ ﷻ ની રહમત તથા એની બરકત."

હવે જો નિદા પુકાર (મઆઝલ્લાહ !) શિર્ક છે, તો આ આશ્ચર્યજનક શિર્ક ! છે કે ખાસ નમાઝમાં જ સામેલ છે ! **વલા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ્ અલિય્યીલ અઝીમ.** અને આ જાહિલો જેવો ખયાલ તદ્દન બાતિલ છે કે **અત્તહિય્યાત** તો નબીએ પાક ﷺ ના જમાનાથી આ જ પ્રમાણે





ચાલી આવી છે. તો એનો હેતુ માત્ર શબ્દોની અદાયગી છે, ન કે નબીયે પાક ﷺ ની (નિદા) પુકાર ! "હાશા વ કલ્લા" (હરગિઝ નહીં !) **શરીઅતે મુતહ્હરાએ નમાઝમાં કોઈ ઝિક્ર એવું નથી રાખ્યું કે જેમાં કેવળ ઝુબાનથી શબ્દોનુ રટણ કરવામાં આવે અને એનો કોઈ અર્થ તથા મતલબ મુરાદ ન હોય.** ના ! ના ! બલ્કે યકીનન એ જ હેતુ છે કે **"અત્તહિય્યાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તૈયિબાત"**થી અલ્લાહ (ﷻ)ની તારીફનો ઈરાદો રાખે અને **"અસ્સલામુ અલય્ક અય્યુહન્નબી"**થી એ ઈરાદો રાખે કે "હું આ સમયે મારા નબી ﷺ ને સલામ કરી રહ્યો છું તથા હુઝૂરથી દિલના ઈરાદા સાથે અર્ઝ કરી રહ્યો છું કે, સલામ હુઝૂર પર હે નબી ! અને અલ્લાહ ﷻની રહમત અને તેની બરકતો."

ફતાવા આલમગીરીમાં શરહે કુદૂરીથી છે :–

**અર્થ** : "અત્તહિય્યાત"ના શબ્દોના અર્થનો દિલમાં ઈરાદો અનિવાર્ય છે. જેમ કે અલ્લાહ ﷻ નબી ﷺ ની ઝાતે અકદસ તેમજ અલ્લાહ ﷻ ના વલીઓ પર સલામતી તથા સલામ ઉતારે છે.

"તન્વીરુલ્ અબ્સાર" અને એની શરહ "દુર્રે મુખ્તાર"માં પણ આ જ પ્રમાણેનું વર્ણન છે. અલ્લામા હસન શર્નુલાલીએ "મરાકિયુલ ફલાહ શરહે નૂરુલ્ ઈજાહ"માં એના વિશે એવું જ બયાન કર્યું છે. –*(મરાકિયુલ ફલાહ, પેજ–૧૬૫)*

આ જ પ્રમાણે ઘણાએ ઉલમાએ ખુલાસો કર્યો છે. એના માટે અમુક નકારવાવાળા બેવકૂફ એવું બહાનુ ઉપજાવે છે કે, સલાતો સલામ પહોંચાડવા ફરિશ્તાઓ મુકર્રર છે, તો એમાં નિદા પુકાર જાઈઝ અને એના સિવાયમાં નાજાઈઝ ! જો કે આ ઘણી જ

જહાલત ભરેલ વાત છે. એનાથી મોઢુ ફેરવીને કે આવા કથન પર કેટલા વાંધા આવે છે, આ લોકોને આટલું પણ ન દેખાયું કે કેવળ દુરૂદ તથા સલામ નહીં બલ્કે ઉમ્મતના સર્વ અકવાલ (કથનો) તથા અફઆલ (કામો) તથા અમલો દરરોજ બે વખત સરકારે દો આલમ અરશો વકાર હુઝૂર સૈયદુલ અબરાર ﷺ માં રજૂ કરવામાં આવે છે. પુષ્કળ હદીષોમાં ખુલાસો છે કે અબાધિત રીતે સારા તથા બુરા સર્વ અમલો હુઝૂરે અકરમ સૈયદે દો આલમ ﷺ ની બારગાહમાં રજૂ થાય છે અને એ જ પ્રમાણે સર્વ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام તથા માં બાપ અઈઝ્ઝા તથા અકારિબ (સગા સંબંધીઓ) સમક્ષ સર્વ અમલો રજૂ થાય છે. ફકીરે (લેખકે) પોતાના રિસાલા "સલ્તનતુલ્ મુસ્તફા ફી મલકૂતે કુલ્લિલ્વરા"માં તે સર્વ હદીષો બયાન કરી છે. અહીં આટલું જ પૂરતુ છે કે ઈમામે અજલ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رَضِيَ اللهُ عَنْهُمَا હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ رَضِيَ اللهُ عَنْهُمَا રિવાયત કરે છે :–

**અર્થ** : કોઈ દિવસ એવો નથી કે જેમાં સૈયદે આલમ ﷺ પર ઉમ્મતના અમલો દરેક સવારે તથા સાંજે રજૂ કરવામાં ન આવતા હોય. તો હુઝૂરનું પોતાના ઉમ્મતીઓને ઓળખવું તેઓની અલામત (નિશાની) અને આમાલ બંનેના કારણથી છે. (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વઅલા આલિહી વઅસ્હાબિહી વશરફ વ કરમ)

ફકીરે (આ'લા હઝરતે) ગુફિરલ્લાહુ તઆલા આ મસ્અલામાં એક ઘણી લાંબી સારી કિતાબ લખી છે, પરંતુ ઈન્સાફ પ્રિયને માટે આટલુ જ પૂરતું છે અને (અલ્લાહ عَزَّوَجَلَّ) હિદાયત આપે તો એક હરફ પૂરતો છે ! وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





# હવાલામાં રજૂ કરેલી કિતાબોની યાદી

| નં | કિતાબોનાં નામો | લેખકોનાં નામો |
|---|---|---|
| ૦૧ | તિર્મિઝી શરીફ | હઝરત અબૂ ઈસા તિર્મિઝી |
| ૦૨ | ઈબ્ને માજહ્ શરીફ | મુહમ્મદ ઈબ્ને કઝવીની |
| ૦૩ | મુસ્તદરક | ઈમામ હાકિમ |
| ૦૪ | સહીહ ઈબ્ને ખઝય્મા | અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને ઈશહાક |
| ૦૫ | મોઅ્જમે સગીર | ઈમામ તબ્રાની |
| ૦૬ | અલ્ અદબુલ મુફરદ | મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ બુખારી |
| ૦૭ | કિતાબુલ્ અઝકાર | ઈમામ નવવી |
| ૦૮ | નસીમુર્રિયાઝ | શહાબુદ્દીન ખફ્ફાજી |
| ૦૯ | તારીખે કામિલ | ઈબ્ને અષીર |
| ૧૦ | મીઝાનુલ્ એઅ્તેદાલ | અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને અહમદ |
| ૧૧ | મશાકિરુલ્ અન્વાર | શૈખ હસનુલ્ અદવી અલહમઝાદી |
| ૧૨ | ફતાવા ખૈરીયહ્ | અલ્લામા ખૈરુદ્દીન રમલી |
| ૧૩ | શરહુસ્સુદૂર | અલ્લામા જલાલુદ્દીન સુયૂતિ |
| ૧૪ | બહ્જતુલ અસ્રાર | ઈમામ અબુલ્ હસન નૂરુદ્દીન અલી |
| ૧૫ | ઝુબ્દતુલ્ આષાર | હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી |

| | | |
|---|---|---|
| ૧૬ | તબકાતુલ કુબ્રા | ઈમામ અબ્દુલ્ વહાબ શઅરાની |
| ૧૭ | અખબારૂલ્ અખ્યાર | શૈખ અબ્દુલ્ હક્ક દહેલ્વી |
| ૧૮ | નફહાતુલ્ ઉન્સ | મૌલાના અબ્દુર્રહમાન જામી |
| ૧૯ | અતયબુન્ની અમ | શાહ વલીયુલ્લાહ દહેલ્વી |
| ૨૦ | ઈન્તેબાહ ફી સલાસિલે અવલિયા | શાહ વલીયુલ્લાહ દહેલ્વી |
| ૨૧ | બુસ્તાનુલ મુહદ્દિષીન | શાહ અબ્દુલ અઝીઝ |
| ૨૨ | રદુલ મોહ્તાર | અલ્લામા ઈબ્ને આબેદીન શામી |
| ૨૩ | ફતાવા આલમગીરી | હઝરત હસન શરમબોલાવી |
| ૨૪ | મરાકીયુલ ફલાહ જાઅ શરહે તહતાવી | |
| ૨૫ | શરહે મવાહિબુલ્લદુન્નિયહ્ | ઈમામ મુહમ્મદ અબ્દુલ બાકી ઝુર્કાની |

## ★ બાગે જન્નત મહકતે રહતા હૈ ★

**અઝ : મૌલાના રફીઉદ્દીન અશરફી પરભનીવાળા** (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)

તસવ્વુર રૂએ જાનાંકા મોઅત્તાર કરતે રહતા હૈ
યહી ઈક મશગલા દિલકો મુનવ્વર કરતે રહતા હૈ
મુહમ્મદ કા વઝીફા વિર્દે લબ સુબ્હો મસા કર લો
ઈસી ઈક નામસે તો બાગે જન્નત મહકતે રહતા હૈ
અગર કુછ હોશ હૈ તો જામે ઉલ્ફત તૂ ઝરા પી લે
ન પી લે જો ભી ઈન્સાં, વો હમેશા બહકે રહતા હૈ
લગાયા થા પસીના ઝીનતે દુલ્હનમેં આક઼ા કા
ક઼બીલા દર ક઼બીલા બસ ઉસીસે મહકે રહતા હૈ
યકીનન ! આએગા ઈક દિન બુલાવા મેરે આક઼ા કા
દિલે પુરનમ તસવ્વુરમેં ઉન્હી કો તકતે રહતા હૈ
તસદ્દુક઼ કરને જબસે રખ દિયા દિલ ઉન્કે કદમોંમેં
ઉસી દમસે **'રફીઅ'** કો દિલ મુબારક કહતે રહતા હૈ





**"સુન્ની દા'વતે ઈસ્લામી" થકી દીની તા'લીમ તથા તર્બિયત મેળવી મુબલ્લિગ બનો !**

**મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદ ખાતે..**

- ❊ કુર્આન શરીફ સહી પઢતાં શીખવાડવામાં આવે છે.
- ❊ ઈબાદતોના અરકાન તથા તેને લગતા મસાઈલ શીખવાડવામાં આવે છે.
- ❊ સરકારે દોજહાં ﷺ ની પ્યારી પ્યારી સુન્નતો પ્રતિ મહોબ્બ્ત જગાડી તેની તાલીમ આપવામાં આવે છે.
- ❊ દીનના મુખ્લિસ મુબલ્લિગ તૈયાર કરવા દીની ઈલ્મી જ્ઞાન પીરસવામાં આવે છે.

**દીનના હમદર્દ નવ યુવાનોને અપીલ છે કે દુનિયા કમાવાની સાથોસાથ** દીની પ્રચારની પણ ફિક્ર પેદા કરો અને **અઠવાડિયુ–મહીનો** કે એથી વધુ જ્યાં સુધી રહી શકો આમોદમાં ઉમદા કારી–મુબલ્લિગો થકી તાલીમ મેળવો અને દીનના કામમાં લાગી જાવ.

**વિનંતિ : ઉપરાંત આપણા આ મદ્રસામાં ઈમામત, કારી, હાફિઝના રેગ્યુલર વર્ગો પણ ચાલે છે તો આપનાં ઝહીન બાળકોને અહીં દાખલો અપાવો, જ્યાં ખાવા, પીવા, રહેવાની મફત સગવડ છે. તેમજ સખી દાતાઓ દરેક રીતે ભરપૂર સહકાર કરે તેવી નમ્ર અપીલ છે.** એ માટે નીચેના સરનામે સંપર્ક કરો :–

**મદ્રસા બરકાતે ખ્વાજા** ઠે. ચાર રસ્તા, રઝા મસ્જિદ પાસે, મુ. **આમોદ**, જિ. ભરૂચ પિન : ૩૯૨૧૧૦, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
ફોન નં : (૦૨૬૪૧–૨૪૬૧૯૨) અથવા (૦૨૬૪૨–૨૮૨૯૧૧)

## અણમોલ કિતાબ મંગાવો !

**કિતાબ** : **ઈસ્લામમમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !** *(પેજીસ : ૩૫૬, તોહફાએ નજાત, ભાગ–૧૦)*

**લેખક** : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી

**પ્રકાશક** : અંજુમને રઝાએ મુસ્તફા, C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુ. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા, પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**હદિયો** : ૫૦ રૂા. (૫ રૂા. ટપાલ ખર્ચ)

અલ્લાહ તથા રસૂલ તથા ઔલિયાની શાનમાં શેઅરો પઢવા એ ઝિક્રુલ્લાહ જ છે તથા રબની ઈબાદત જ છે અને ઈબાદતમાં કોઈ હરામ ચીજનો ઉપયોગ કદી હોઈ શક્તો જ નથી. **મ્યુઝિક ઈસ્લામમમાં હરામ** છે અને તેની સાથે થતી મેહફિલો હરામ છે. આ શરીઅતના કાનૂનને સમજાવવા માટે કુર્આન, હદીષ, ઉલ્માના કથનો થકી તથા વાંધાઓ અને તેના જવાબો રજુ કરીને આટલી સ્પષ્ટતાપૂર્વક કોઈ કિતાબ અમારા જોવામાં નથી આવી. જે હઠધર્મીથી પર રહી ખુદાના ખૌફ સાથે આ કિતાબનો અભ્યાસ કરશે તે જરૂર હક્ક સમજીને હિદાયત પામશે. એ જ પ્રમાણે **ગૈરે ખુદા માટે તા'ઝીમી સિજદો હરામ** છે એ વિષયમાં એ જ પ્રમાણે તરતીબથી હક્ક મઝહબ જાહેર કર્યો છે.

આ કિતાબ જરૂરથી મંગાવો, વાંચો, વંચાવો અને મ્યુઝિકના શોખિનોને સત્ય બતાવી શરીઅત પર અમલ કરવા સમજાવો.



## ઈસ્લામિક વેલ્ફેર મિશન

GRWB/057/Bharuch/02

*C/o.* ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

**પ્યારા દીની ભાઈઓ ! ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** સુન્નીઓની એક અજોડ સંસ્થા છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ના નાલૈન પાકના સદકામાં આ સંસ્થા થકી લગભગ **૨૧૦** મદ્રસા–મસ્જિદોનું પગારમાં સહકાર કરીને સંચાલન કરવામાં આવી રહ્યું છે. તેમની વિઝિટ તથા ઈમ્તેહાન લેવામાં આવે છે. ઘણા ગામોને પગાર ચૂકવીને જે બાતિલ ફિર્કાઓ કબ્જો જમાવી બેઠેલા હતા તેમને ગુમરાહિયતથી બચાવવા આપણા મિશન હેઠળ લેવામાં આવ્યા છે. અહલે સુન્નતનો પરચમ ત્યાં લહેરાવી **મસ્લકે આ'લા હઝરત**ની બોલબાલા કરવામાં આવી છે. તો આપની **લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, ફિત્રા, કુર્બાનીની ખાલો, ન્યાઝની** વગેરે રકમોને ઉપરોકત સરનામે M.O., ચેક, ડ્રાફ્ટથી અવશ્ય પહોંચાડી દુનિયા તથા આખેરતની ભલાઈ મેળવો.

### આ મિશનને કઈ રીતે સહકાર કરી શકો છો ?!

★ આપની શક્તિ અનુસાર કોઈ એક અથવા બે કે એથી અધિક મદ્રસાના માસિક પગારની જવાબદારી લઈને.

★ મસ્જિદ અથવા મદ્રસાના બાંધકામ માટે ગરીબ આબાદીઓમાં જરૂરત હોય ત્યાં મસ્જિદ–મદ્રસા બંધાવી આપીને.

★ મદ્રસાઓ માટે કુર્આન શરીફ, કિતાબો, પાટલીઓ તથા મસ્જિદો માટે સફ, ચટાઈ, મુસલ્લા, ટુવાલ વગેરેની સહાય કરીને.

★ જરૂરત હોય ત્યાં પાણી માટે બોરીંગ કરવાની જવાબદારી લઈને.વગેરે કામોમાં સહકાર આપવા માટે ઉપરોક્ત સરનામે સંપર્ક કરો. *–લિ. ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા*

# નિદાએ યા રસૂલલ્લાહ !

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمْ

★ લેખક ★

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رضی اللہ عنہ

★ અનુવાદક ★

**હઝરત મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી**

★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨)
૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email ID : islamic@sancharnet.in.

પ્રકાશન નં. : ૧૩૨ આવૃત્તિ-૩ પ્રત : ૪૦૦૦

૧૨-શા'બાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૪૨૬ સપ્ટેમ્બર-૨૦૦૫

ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફત મંગાવો !

## મનીઓર્ડર કરો તો આટલું ન ભૂલશો !

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**ને મનીઓર્ડર કરો તો જો **"બરકાતે ખ્વાજા" (માસિક)**ના જૂના ગ્રાહક હોઉં તો **ગ્રાહક નંબર અવશ્ય લખવો** અને **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ને મેમ્બર ફી અથવા ડોનેશન મોકલો તો મનીઓર્ડર ફોમમાં સંદેશના સ્થાન પર **મનીઓર્ડર કરનારનું નામ તથા પૂરું સરનામુ સ્પષ્ટ વંચાય તે રીતે લખશો.** તથા કેટલી રકમ મોકલી તે લવાજમની હોય તો તેની વિગત, મેમ્બર ફી હોય તથા લિલ્લાહ, ઝકાત તથા **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**ને સહાયરૂપે **લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ન્યાઝની, કુર્બાનીની ખાલની** વગેરેની જે હોય તેની વિગત પણ લખવી.

**મોટા ભાગે લોકો સંદેશના સ્થાને સરનામુ તથા ગ્રાહક નંબર લખતા જ નથી** એનાથી ઘણી તકલીફો ઊભી થાય છે અને કેટલાકને રસીદ તથા માસિક અંકો તેમજ કિતાબો પહોંચાડી શકાતી નથી. અપૂર્ણ સરનામાવાળી ટપાલો પાછી આવે છે જેનાથી ગ્રાહકને નારાજગી થાય છે અને સરનામાના વાંકે અમો તેમના સુધી અંકો કે કિતાબો પહોંચાડી શક્તા નથી. જેથી ઉપર જણાવ્યા પ્રમાણે અમલ કરવા વિનંતિ છે.

**જરૂરી નોંધ** : દરેક ગ્રાહક પોતાનું લવાજમ પૂરું થતાં તાકીદે મોકલી આપે જેથી અવ્યવસ્થા ઉભી ન થાય. અને દરેક ગ્રાહકે પોતાનો **ફોન નંબર** તથા **મોબાઈલ નંબર** મોકલી આપવા વિનંતિ છે જેથી અમો ઝડપી તથા ડાયરેક્ટ સંપર્ક કરી સારી રીતે ખિદમત આપી શકીએ.

*-લિ. **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા** તથા **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** વતી પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી.*